ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૭-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

# હાફિઝ સઇદની વિવાદાસ્પદ મુલાકાત

ખૂંખાર આતંકવાદી હાફિઝ સઈદ હવે વૈશ્વિક નકશામાં ચમકતું નામ બની રહેલ છે. મુંબઈના ઐતિહાસિક અને વિધ્વંસક હુમલાના આ 'માસ્ટર માઈન્ડ' વિશે ભારતથી અમેરિકા સુધી સમાન અભિપ્રાય અને ખૌફ પ્રવર્તે છે. અમેરિકાએ એના માથા પર સાઠ કરોડનું મોટું ઈનામ જાહેર કરેલું છે. વરિષ્ઠ પત્રકાર વેદપ્રતાપ વૈદિકે પાકિસ્તાન જઈ આ ખોફનાક આતંકવાદી સાથે મુલાકાત કરી તે મુદ્દો આજકાલ ગરમાગરમ ચર્ચાનો વિષય બની ગયેલ છે. વૈદિકે પાકિસ્તાનના દૈનિક 'ડૉન ન્યૂઝ'ને આપેલ ઈન્ટરવ્યુમાં એમણે કાશઅમીર વિશે આપેલા નિવેદન પણ ભારે વિવાદાસ્પદ બની રહ્યું છે. નરેન્દ્ર મોદી 'બ્રિક્સ' શિખર-પરિષદમાં ભાગ લેવા ગયેલ છે. ત્યારે એમની સરકાર સામે વેદપ્રતાપ વૈદિકની આ મુલાકાત અને નિવેદન ભારે શિરોવેદના સાબિત થઈ રહેલ છે. લોકસભા અને રાજયસભામાં આ મુદ્દે જબરો હોબાળો થયો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારના હોઠ સિવાઈ ગયા છે, કારણ કે વૈદિક મૂળભૂત રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારસરણીથી રંગાયેલા પત્રકાર છે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જાહેરમાં વૈદિક આરએસએસના માણસ હોવાની વાત કરી છે, તેમાં તથ્ય છે. વૈદિક બાબા રામદેવના અંગત સલાહકાર છે એ બાબત પણ જગજાહેર છે. એ જુદી વાત છે કે જમણેરી વિચારધારા ધરાવતા આ અલગ મિજાજના પત્રકારે અત્યાર સુધીમાં નરસિંહરાવ, અટલબિહારી વાજપેયી અને અનેક કોંગ્રેસી નેતાઓથી લઈ નરેન્દ્ર મોદી સુધીના રાષ્ટ્રીય નેતાઓ સાથે આત્મીય મૈત્રી કેળવી છે, તો સામે પક્ષે પાકિસ્તાનનાં ભૂતપૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટો, નવાઝ શરીફ તથા શ્રીલંકાના વડાપ્રધાન પ્રેમાદાસાથી લઈ કટ્ટર લિટ્ટે લીડર પ્રભાકરનની મુલાકાતો લીધેલ છે. પત્રકાર તરીકે એમનું કાઠું આંતરરાષ્ટ્રીય રાજકારણની સમજણ ધરાવતા મૂર્ધન્ય અખબારનવેશનું છે. એમની હિંમતને દાદ આપવી ઘટે કે એ દેશના દુશ્મન ગણાતા અને આંતરરાષ્ટ્રીય આતંકવાદીઓ ગણાતા આવા 'મોસ્ટ વોન્ટેડ' ત્રાસવાદીઓને સામે ચાલીને મળી શકે છે. છેલ્લા કેટલાલ વખતથી હાફિઝ સઈદ ભારત વિરૂદ્ધ ઝેર ઓકતાં નિવેદન કરતો રહ્યો છે. નરેન્દ્ર મોદી પાકિસ્તાન માટે ખતરનાક નીવડશે એમ જણાવી આ ત્રાસવાદીએ હિંદુસ્તાન સામે જેહાદની જાહેરાત કરી છે. કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષોનો આપેક્ષ છે કે હાફિઝ જેવા મોટા આતંકવાદી સાથે એક ભારતીય પત્રકાર બારોબાર મુલાકાત ગોઠવી શકે એ શક્ય જ નથી; એમની મુલાકાત ભારતીય દૂતાવાસની મદદથી જ થઈ શકે; મતલબ કે સરકારે એના વિદેશ ખાતા મારફત આ મુલાકાત ગોઠવવાનો ઈશારો કર્યો હોવો જોઈએ. કેન્દ્ર સરકાર આ મુદ્દે ભારે મૂંઝવણ અનુભવી રહી છે. ગૃહમંત્રી અને મોદી સરકારનાં 'નંબર ટુ' રાજનાથસિંહે એમને આ મુદ્દે પૃચ્છા થતાં મોઢું મલકાવી મૌન રહેવાનું પસંદ કર્યું હતું તે સૂચક છે પછી કાશ્મીર વિશેની પાક અખબારમાં છપાયેલી વેદપ્રતાપ વૈદિકની મુલાકાતનો આ મામલો વધુ ચગ્યો ત્યારે અરુણ જેટલી સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ અને પ્રવકતાઓએ ખાસ બેઠક કરીને એક સરખાં સૂરમાં વાત કરવાનો પ્રયાસ કર્યો અને જણાવ્યું કે હાફિઝ સઈદને અમે દેશનો દુશ્મન ગણીએ છીએ અને કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે. અમારે પત્રકારની એ મુલાકાત સાથે કશી લેવાદેવા નથી. રાજીવ પ્રતાપ રૂડીએ તો એથી આગળ વધીને ત્યાં સુધી કહ્યું કે વેદપ્રતાપ વૈદિક ભારતીય જનતા પાર્ટીના કે સંઘના માણસ નથી. એ પણ સાચું કે વૈદિકે કોઈ પક્ષની કંઠી ન જ બાંધી હોય, પણ એમની નિકટતા સંઘ અને રામદેવબાબા સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે હોવા વિશે કોઈ શંકાને સ્થાન જ નથી. એમના કોંગ્રેસી મિત્રો વિશે પણ એ નિખાલસતાપૂર્વક ચર્ચા કરતા રહે છે.
એમના કોંગ્રેસી મિત્રો વિશે પણ એ નિખાલસતાપૂર્વક ચર્ચા કરતા રહે છે.
નરસિંહરાવની સરકાર વખતે તેઓ મજાકમાં પોતાને 'ડેપ્યુટી પીએમ' તરીકે ઓળખાવતા હતા! મૂળે આર્યસમાજી એવા આ મહત્ત્વાકાંક્ષી પત્રકાર વર્ષોથી દેશ અને દુનિયાની ઘટનાઓનું રાજકીય પૃથ્થકરણ કરતા રહ્યા છે અને અખબારોમાં એમની કટારો ઘણી લોકપ્રિય બની છે. આ વખતે મણિશંકર ઐયર અને સલમાન ખુરશીદ જેવા નેતાઓ પાકિસ્તાન ગયેલા આ પત્રકાર થોડા વધુ દિવસ પાકિસ્તાન ખાતે રોકાઈ ગયા અને ૨૯ જૂન, ૨૦૧૪ના દિવસે એમણે પાકિસ્તાનના લોકપ્રિય દૈનિકને મુલાકાત આપી, જેમાં કાશ્મીર મુદ્દે કેટલીક 'ઉદારમતવાદી' ચર્ચા કરી, જે આજે એમના માટે ગળાની ફાંસ સાબિત થઈ છે. ૨ જુલાઈ, ૨૦૧૪ના દિવસે એમણે ભારતના દુશ્મન અને મુંબઈ હુમલાના ગુનેગાર હાફિઝ સઈદની મુલાકાત લીધી હતી. આ મુલાકાતની તસવીરો એમણે જાતે જ પ્રકાશિત કરી, એનો અર્થ એ કે એમને પોતાના આ પ્રરાક્રમની લોકો સમક્ષ નોંધ લેવડાવવાની તીવ્ર ઈચ્છા હતી. આ બાબતે વિવાદ થશે અને પોતે જેનું સમર્થન કરે છે તે ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે આ વિવાદ બિનજરૂરી વિશેનું એમનું વિધાન મારી મચડીને રજૂ કરાયું હોવાની એમની સફાઈ ગળે ઊતરે એવી નથી. એમને 'ડૉન ન્યૂઝ' સમક્ષ નિખાલસ એકરાર કરતાં જણાવ્યું છે કે જો બેઉ દેશો કાશ્મીરને આઝાદ કરવાનો વિકલ્પ સ્વીકારે તો એ પગલું આવકારલાયક છે. કાશ્મીરને ભારતનું અવિભાજ્ય અંગ ગણાવતી ભારત સરકાર માટે એના એક વરિષ્ઠ પત્રકારનું ભારતીય જનતા પાર્ટીની ખુલ્લી તરફેણ કરતા હોય અને નરેન્દ્ર મોદીને વિશ્વસ્તરના નેતા તરીકે સ્થાપિત કરવા પ્રતિબદ્ધ હોય, ત્યારે! કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત ઘણા વિપક્ષોએ વેદપ્રતાપ વૈદિક વિરૂદ્ધ રાજદ્રોહનો ગુનો નોંધી એમની ધરપકડ કરવાની માગણી કરી છે. કેન્દ્ર સરકાર આ મુદ્દે ભારે અવઢવ અનુભવે છે. વૈદિક સાથે સરકાર, પાર્ટી કે સંઘને કશી લેવાદેવા નથી, એટલું નિવેદન કરી દઈને છટકી છટકી જવા માગતા ભાજપના નેતાઓમાં પણ મતભેદ છે. પ્રેસની આઝાદીના હિમાયતી સુબ્રહ્મણ્યમ સ્વામીએ પણ વૈદિકની હાફિઝ સાથેની મુલાકાતની આકરી ટીકા કરી છે.

# ચૌધરી મહિલા કોલેજમાં ગીત સંગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સપ્તધારા કાર્યક્રમ હેઠળ ભજન ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીનીઓને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.

શહેરના સેકટર-૭માં આવેલ મહિલા ચૌધરી કોલેજમાં ભજન-ગીત, સ્પર્ધા યોજવામાં આવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ લોકગીત, ભજન સહિત ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતા ગીતોને લલકાર્યા હતા. તેમજ ભકિતના ગીતો રજૂ કરીને કોલેજનું સમગ્ર વાતાવરણ ભકિતમય કરી દીધું હતું. સ્પર્ધામાં શ્રેષ્ઠ ગીતો રજુ કરનાર પ્રથમ મીના રાવળ, દ્વિતીય મૌસમી ભાવસાર અને તૃતીય રાજુ પરમારને ઈનામ આપી નવાજયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મિહિર વ્યાસ અને પ્રો. સોનલ મોદીએ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું આયોજન પ્રો. સોનલ મોદી અને સહ પ્રાધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યા ઉર્મિલાબેન ચૌધરીએ સહકાર પૂરો પાડયો હતો.



રાજ્યની રાજધાની ગાંધીનગર અને તેમાં રહેતા લોકોના મીજાજ તો કંઈ ઓર જ હોય છે. શહેરમાં ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો દ્વિચક્રી વાહનો અને કાર ચલાવતા જોવા મળે છે. તેમના માતા-પિતા આ બાબતે જાણતા હોવા છતાં તેમના આ પ્રકારના શોખને પોષે છે. જ્યારે પોલીસકર્મીઓ કોઈ આકરા પગલાં લેવા પ્રયત્ન કરે તો, 'ખબર છે હું કોણ છું' કહી પોતાના વાલીની સત્તાની મદદથી બેફામ રીતે રસ્તા પર બેફીકર થઈ ફરતા રહે છે. સમાજને આ લાલબત્તી સમાન છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...




નવી ટેકનોલોજી આવી છે..., કાન ઉપર બરાબર ભરાવીને સુઈ જા, તારા સ્વપ્નનાં માણસો, મારા સ્વપ્નનાં માણસ સાથે વાઈ-ફાઈથી કનેકટ થઈ જશે...!!

## માઈન્ડ પાવર વર્કશોપ યોજાયો

ભાગદોડ ભર્યા જીવનમાં યાદ શકિત એક ચિંતાનો વિષય બની ગઈ છે અને તમાંય ખાસ કરીને વિદ્યાર્થીઓ યાદદાસ્તને લઈને ખૂબ જ તકલીફ અનુભવતા હોય છે. બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આર.જી. કન્યા માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ માટે માઈન્ડ પાવર વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વર્કશોપના વકતા ડૉ. બંકિમચંદ્ર જાનીએ વિદ્યાર્થીનીઓને સ્મૃતિ ટકાવી રાખવાની માહિતી પુરી પાડી હતી. વર્કશોપમાં આર.જી. કન્યા માધ્યમિક શાળાની ૩૦ અને ઉચ્ચતર માધ્યમિક શાળાની ૩૫ વિદ્યાર્થીનીઓ પોતાના વાલીઓ સાથે ઉપસ્થિત રહી હતી. ડૉ. જાનીએ વર્કશોપમાં હકારાત્મક અભિગમ જાળવવા અને અર્ધ જાગૃત મનમાં રહેલી શકિતઓ વિશે માહિતી આપી હતી. વર્કશોપમાં શાળાના શિક્ષક રમણભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# સાયન્સની કોલેજોમાં પ્રવેશ માટે ૧૭મીએ અંતિમ યાદી

અમદાવાદ, તા.૧૫

સેન્ટ્રલાઈઝડ એડમિશન શેડ્યુલ મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી અને ડિપ્લોમાં ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત પુરી થઈ ચુકી છે. હવે પહેલા તબક્કાનું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે. જેના આધારે રાજ્યની જુદી જુદી ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ ૧૧મી જુલાઈના રોજ રાજ્યભરની સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ઉંચા પરિણામો બાદ જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. જેના કારણે મેરીટ સંખ્યામાં વિદ્યાર્થીઓએ ડિપ્લોમા-ડિગ્રી ફાર્મસી અને બીએસસીમાં પ્રવેશ માટે અરજી કરી છે. આ પ્રવેશ માટે વિદ્યાર્થીઓના ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ત્યારે હવે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ ચુકી છે. એટલું જ નહીં ડિપ્લોમા-ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટેનું પહેલા તબક્કાનું એટલે કે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ પણ જાહેર કરવામાં આવી ચુક્યું છે. ત્યારબાદ જે વિદ્યાર્થીઓએ બીએસઈ અને ફાર્મસી બંને ફેકલ્ટીમાં પ્રવેશ માટે અરજી કરી હોય તેવા વિદ્યાર્થીઓને બંને અભ્યાસક્રમમાં ચોઈસ ફિલીંગ કરવાની તક આપવામાં આવી હતી. આ ચોઈસ ફિલીંગનો મોક રાઉન્ડ આજે પૂર્ણ થઈ ચુક્યો છે. ત્યારે હવે આગામી ૧૭મી જુલાઈના રોજ ફાઈનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે. પ્રવેશ માટેની તમામ માહિતી એસપીસીની વેબસાઈટ પર વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ટેકનિકલ અભ્યાસક્રમોની જેમ ફાર્મસીના અભ્યાસક્રમમાં પણ પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ઉત્સાહ ઘટતો જણાઈ રહ્યો છે. જેના કારણે ગત વર્ષે મોટા પ્રમાણમાં ડિગ્રી ડિપ્લોમા ફાર્મસીની બેઠકો ખાલી રહી હતી.

# મહર્ષિ અત્રિ શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર-મહુડી રોડ પર આવેલ મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં અગિયાર જુલાઈ 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી નિમિત્તે વકતત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૮ની ફોરમ પટેલ પ્રથમ, ધોરણ-૯ નો નીલ ડબગર બીજો તેમજ પ્રતિક પટેલે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો.

# ગાયત્રી પરિવારની ઉપસ્થિતિમાં રાજ-કૃષ્ણ પ્રાથમિક શાળામાં ગુરૂ પૂર્ણિમા ઉજવાઈ

રાજ-કૃષ્ણ પ્રાથમિક માધ્યમિક શાળામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રગટાવીને કરવામાં આવી છે. તેમજ ગાયત્રી પરિવાર દ્વારા સરસ્વતી માતાજી-ગાયત્રી માતાજીનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું.

શહેરની શાળાઓમાં ધામધૂમથી ગુરૂપૂર્ણિમા ઉજવાઈ હતી. દરેક શાળાના વિદ્યાર્થીઓને ગુરૂ અને શિષ્યનું મહત્વ સમજાવવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગુરૂજનોનું તિલક કરી હાથે નાડાછડી બાંધી પૂજન કર્યું હતું. આ પ્રસંગે ગાયત્રી પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે ગુરૂપૂર્ણિમાએ ગુરૂ અને શિષ્યના સંબંધોમાં શિષ્યના અનુશાસન રૂપ પ્રયત્ન અને ગુરુનું અનુદાન જેવા હોય છે. આશીષ વડે અંધકાર દૂર કરી ઉજાસ ફેલાવવાનો હોય છે. શિષ્યએ બલીદાન, ત્યાગ અને સમર્પણ આપવા માટે તૈયાર રહેવું જોઈએ. આ સમયે વૃક્ષોનું પૂજન કરી પર્યાવરણની જાળવણીના સંકલ્પ લીધા હતા.

# 'મહાભારત' - માનવ સ્વભાવના મહાકાવ્યનો ગુણવંત શાહે કાઢ્યો 'કાર્ડિયોગ્રામ'

ગાંધીનગર કલ્ચરલ ફોરમે 'સાહિત્ય પર્વ' સાથે ગાંધીનગરની જનતાને સાહિત્ય પ્રત્યે રૂપી કેળવાય અને ગુજરાતી સાહિત્યનો વ્યાપ વધે એ માટે સફળ શ્રેષ્ટ પ્રયત્ન હાથ ધર્યો. ગયાં વર્ષે ગુજરાતનાં ખ્યાતનામ સાહિત્યકારો સાથે એક જ સમયે અનેક શાળા કૉલેજોમાં સાહિત્ય ગોષ્ઠી યોજાઈ... નૃત્ય-નાટ્ય સાથે કળાનો સુમેળ સાધ્યા બાદ સુસંસ્કૃત સમાજના ઘડતરની જવાબદારી શિરે ઉપાડી 'અર્ક' પ્રવચનમાળાનો ગુણિયલ ગુણવંત શાહના પ્રથમ મણકાથી શુભારંભ કરાવ્યો.

વિધાનસભાની સામે વિદ્યાસભાનું આયોજન જેવી દૂરંદેશી દાખવનારા સંસ્થાના પ્રમુખ કૃષ્ણકાંત જહાએ અભાવ અને પ્રભાવમાં બદલાયેલા આપણે સ્વભાવથી છુટી ગયાં છીએ, સંવેદના વિસરાઈ છે અને જીવનની યાંત્રિક ઘટમાળમાં સંસ્કાર- સંસ્કૃતિ પાસવર્ડ વગર લૉક થઈ ગઈ છે, ત્યારે માણસના મનને માંજવા માટે અને માણવા માટે, જીવનને ઉજાગર કરવાં સમયાંતરે જીવનનો ' અર્ક' સમજાવે એવા સમાજ ચિંતકોની પ્રવચનમાળા શરૂ કરવાનો શ્રેષ્ઠ મહાયજ્ઞ આરંભ્યો છે.




ઉઘડતે પડદે
સંજય થોરાત
hellogandhinagar@gmail.com

અર્ક વ્યાખ્યાનમાળા.. ગાંધીનગર કલ્ચરલ ફોરમે મનોરંજનની મહેક બાદ મનને માંજવા માટે જીવનની પાઠશાળા શરૂ કરી સુસંસ્કૃત સમાજના નિર્માણના ચણતરની ઈંટ મુકી : મોરારી બાપુ, રમેશભાઈ ઓઝા અને રતિલાલ બોરીસાગર જેવાં સમાજ ચિંતકો સંસ્કારની ઈમારત મજબૂત કરશે

અર્ક વ્યાખ્યાન માળાની જયોત સદાય પ્રજજવલીત રહે એ માટે કરવામાં આવેલા દીપ પ્રાગટ્યમાં ગુણવંત શાહ સાથે ભાગ્યેશ જહા, વી.એસ. ગઢવી, મહેન્દ્ર ત્રિવેદી, જસ્ટીસ ભટ્ટ જેવા મહાનુભાવો હાજર હતા. ગુણવંત શાહનું સ્વાગત સી.એલ. મહેતા અને ડૉ. રાજેશ શાહ દ્વારા કરવામાં આવ્યું. મુખ્યમંત્રી આનંદીબહેન પટેલનો શુભેચ્છા સંદેશ કાર્યક્રમ સંચાલક હિરેન ભટ્ટે વાંચી સંભળાવી નવીન શ્રેણી પર સંકલ્પનો સરકારી સિક્કો મારી દીધો..

એક નહીં પણ અનેક સવાર સુધારવા અને કલમ અને કૉલમના રસિયા એવા ગુણવંત શાહનો પરિચય પ્રકાશ લાલાએ કરાવ્યો. મહંત-મુલ્લા-પાદરી, કૃષ્ણનું જીવન સંગીત, વિચારોનાં વૃંદાવનમાં, અસ્તિત્વનો ઉત્સવ, રજકણ સૂરજ થવાને શરણે, કાર્ડિયોગ્રામ, રણતો લીલાંછમ્મ જેવાં સાહિત્યસર્જકોનો ખજાનો ધરાવતાં ગુણવંત શાહ પ્રવચનને યોગ માને છે.




ગુણવંત શાહનું ગીતા જ્ઞાન ગહન છે અને એ એમનાં 'કૃષ્ણં શરણં ગચ્છામી' અને 'કૃષ્ણનું જીવન સંગીત' માં દેખાઈ આવે છે. ગુણવંત શાહના જ કહેવા અનુસાર એ ભલે બહારથી ટટ્ટાર દેખાય અંદરથી ખોખલા થઈ ગયા છે અને એટલે એ 'મહાભારત' ગ્રંથના લેખનને જલદીથી વાંચકો સમક્ષ મુકવા માગે છે... બહુ ઓછા લોકોને ખબર હશે કે ગુણવંત શાહ ભલે પોતાની અટક શાહ લખાવતાં હોય પણ તેઓ એક ભૂમિપુત્ર પટેલ - કડવા પટેલ છે, અને આ વાત એમને એમની આત્મકથા 'બિલ્લો ટિલ્લો ટચ' માં લખી છે. ઈશ્વર પેટલીકરે વર્ષો પહેલાં એક લેખમાં લખેલું 'ગુણવંત શાહ પટેલ હોવ છતાં શાહ અટક લખાવે છે')

માનવ સ્વભાવના મહાકાવ્ય - મહાભારતનો ગુણવંત શાહે જે કાર્ડિયોગ્રામ કાઢ્યો એનાં કેટલાંક અંશો. મહાભારતનું વર્ણન કે એનાં આધારે માનવ સ્વભાવને એકાદ કલાકમાં વર્ણવવું એટલે વડનાં થડને બાથમાં લેવાં જેવી વાત છે... કૃષ્ણ મુરારી - મોરારજી દેસાઈ અને મોરારી બાપુ એટલે ગમે છે... કૃષ્ણકાંત જહા એ તો 'સહસ્ત્રબાહુ' જેવા છે, એક સાથે અનેક કાર્યો રસપૂર્વક કરે છે... દરેક વ્યક્તિનું ડીએનએ એ રામકૃષ્ણ સુધી પહોંચે છે, આ એક અનબ્રોકન ચેઈન છે.

આપણી અંદર જંગલના તમામ પ્રાણીઓનું કંઈક ને કંઈક આવેલુ છે... કૃષ્ણને તાણી જવાની ટેવ છે, કૃષ્ણ એટલે જ ખેંચવું કે આકર્ષવું એવું થાય... માનવ સ્વભાવના મૂળિયા શોધવાનું કામ કપરું છે, પણ ભગવાન કૃષ્ણ આ મૂળીયું પકડવામાં સફળ રહ્યા છે... અથડામણ હોય ત્યાં કાવાદાવા, કપટ, દ્વેષ બધું આવે છે એટલે મહાભારત એ અથડામણનું કાવ્ય છે, બધી લીલાંનો લીલાં પુરૂષોત્તમ કૃષ્ણ છે... ઋગ્વેદમાં નોંધ્યું છે કે કૃષ્ણ નિત્ય સન્યાસી છે.

સમગ્ર જગતની સ્વભાવ લીલાનું ચિત્રણ મહાભારતનાં બે શ્લોકમાં જોવા મળે છે. ભદ્રતા અને દૂરિતાના બે રૂપકો આ શ્લોકમાં નિરૂપાયાં છે... દૂર્યોધન અહંકારથી ભરેલું વૃક્ષ - કર્ણ એનું થડ - શકુની ડાળી - દુ:શાસન ફળ ફુલ - અજ્ઞાનની અંધ ધૃતરાષ્ટ્ર આ વૃક્ષનું મૂળીયું એવું વેદ વ્યાસે કહ્યું છે, સામે પક્ષે ધર્મના સાક્ષાત્ જેવું વૃક્ષ યુધિષ્ઠિર - અર્જુન એવું થડ - ભીમ ડાળી - નકૂલ-સહદેવ ફળફુલ અને એનાં મૂળીયામાં કૃષ્ણ છે... ભદ્રતામાં પાંડવ પરિબળો છે અને દૂરિતામાં કૌરવમાં કૌરવનાં પરિબળો છે...

દરેક સ્વભાવમાં વૈવિધ્ય છે, બ્લેક એન્ડ વ્હાઈટ જેવું કશું નથી. કોઈ શતપ્રતિશત સારો કે ખરાબ નથી. સારા-ખરાબની કોઈ જાતી-કોમ-ભાષા નથી.. જો તમે સત્ય તરફ નથી તો કૃષ્ણ વિરોધી છો. કૌરવોમાં માત્ર યુયુત્સુ બચેલો... યુદ્ધનાં પરિણામનો સ્વાદ ખારો - કડવો - તૂરો - ખાટો એવો જ અર્ક નીકળે... મહાદેવ દેસાઈની ડાયરીના પાના પર ગાંધીયુગની વાતો છે. મોહન ગાંધી અને મોહન કૃષ્ણા બંને બંને મહાન હતા... ગીતામાં યુદ્ધમાં હિંસા થાય એ વખતમાં અહિંસા ગણાતી. ગીતાના ઉપદેશક અહિંસાના ઉપદેશક હતા. અર્જુનને યુદ્ધ કરતાં સિવાયનો બીજો ઉપદેશ કરત તો કૃષ્ણ યુગપુરૂષ ના કહેવાત...

ઉમાશંકર જોષી 'સાચું' લખે એટલે તટસ્થ અને 'સાચ્ચું' લખે એટલે સાચું... આપણે સત્ય સાથે છૂટ લીધી એટલે તો નિરાંતે બેઠાં છીએ. આપણે મહાત્મા નહીં પણ જેન્યુઅન બનીએ. ટ્રુથ ઈઝ ઑલવેઝ રિલેટીવ... ભીષ્મ - દ્રોણ - કર્ણ - દૂર્યોધન કપટથી જ મરાયાં હતાં. કોઈને ઉપદેશ આપશો નહીં દીકરો - મિત્ર અને પુત્રવધુને જરાય નહીં... આપણું અજ્ઞાન પ્રભાવશાળી છે છતાંય એના પર આપમે ભારતનાટ્યમ્ કરીએ છીએ... આપણી દિશા અને સમય પર રિલેટીવ છે અને એટલે સાચ્ચો નથી... દીશા પૃથ્વી-સૂર્ય-આકાશગંગા સાથે રિલેટ કરો તો ખોટી સાબિત થશે!!

પ્રવચનનાં અંતિમ દૌરમાં ગાંધારી વિલાપ કરતી કૂંતી સાથે કુરૂક્ષેત્રમાં જાય છે. વિષાદ પ્રેરક યુદ્ધોત્તર દશ્યમાં શબનાં ઢગલે ઢગલાં પડ્યાં છે. કૂંતી કર્ણને જોઈને ખૂબ રૂદન કરે છે અને એ યુધિષ્ઠિરને કહે છે એ તમારો મોટો ભાઈ હતો.. યુદ્ધિષ્ઠીર કૂંતીને કહે ચે કે દ્રૌપદી વસ્ત્રાહરણ વખતે કર્ણનો બકવાસ સાંભળી મને ખૂબ ક્રોધ આવતો પણ એનાં ચરણ તમારસાં જેવા દેખાતાં જ ક્રોધ શમી જતો... માણસે તટસ્થ નહીં પણ સત્યસ્થ બનવું... જેવા અનેક કવૉટ સાથે ગુણવંત શાહ માનવ સ્વભાવનું દર્શન કરાવી ગયા...

વૈચારિક સમૃદ્ધિ પ્રદાન કરતાં આ અવસરને અને એનાં વિચારને વંદન છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમે મનોરંજનની મહેક બાદ મનને માંજવા માટે જે જીવનની પાઠશાળા શરૂ કરી સુસંસ્કૃત સમાજનાં નિર્માણની ઈંટ મુકી છે એમાં આવનારાં દિવસોમાં મોરારી બાપુ, રમેશભાઈ ઓઝા અને રતિલાલ બોરીસાગર જેવાં સમાજ ચિંતકો સંસ્કારની ઈમારતને વધુ મજબુત કરવાં આવવાનાં છે... મનનાં બારણાં ખોલી, હૃદયની વનરાજીને હરિયાળી કરતો 'અર્ક' નો પ્યાલો સૌએ નિયમીત પીવાં જેવો છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં કયા મતવિસ્તારમાં સૌથી વધુ મતદાન થયું હતું?
➜ **ધુબરી**
૨. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૧૮ મે**
૩. ૨૦૧૪માં વિશ્વના કયા દેશમાં આર્મી શાસન લાગુ કરવામાં આવ્યું છે?
➜ **થાઇલેન્ડ**
૪. ઇટાલીયન ઓપન ટેનિસ-૨૦૧૪માં મહિલા વર્ગમાં કોણ વિજેતા છે?
➜ **સેરેના વિલિયમ્સ**
૫. ઇટાલીયન ઓપન ટેનિસ-૨૦૧૪ કોણે જીતી લીધી?
➜ **નોવાક જોકોવિચ**
૬. ૨૦૧૪ ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કેટલા ટકા કુલ મતદાન થયું હતું?
➜ **૬૬.૩૮ ટકા**
૭. CCI બિલિયડ્સ એન્ડ સ્નૂકર ૨૦૧૪માં પ્રતિયોગિતા કયા ખેલાડીએ જીતી હતી?
➜ **પંકજ અડવાણી**
૮. ૨૦૧૪ સુપ્રીમ કોર્ટ કયા રાજયમાં લોખંડના ખોદકામ માટે પ્રતિબિંબ લગાવી દીધો છે?
➜ **ઓરિસ્સા**
૯. ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા કયા સંગઠન સામે વધુ પાંચ વર્ષ સુધી પ્રતિબિંઘ લગાવવામાં આવ્યો છે?
➜ **લિટ્ટે**
૧૦. ૨૦૧૪માં સિલ્વર શવેલ પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **રવિ ધારીવાલ**
૧૧. ૨૦૧૪માં ૬૭માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કોણે કર્યું હતું?
➜ **કમલ હાસન**
૧૨. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય પ્રૌદ્યોગિક કાયદા સંસ્થાના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **સજાઇસિંઘ**
૧૩. ૨૦૧૪માં વોલ્વો બસ ઇન્ડિયાના અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **વી.આર.વી. શ્રીપ્રસાદ**
૧૪. ૨૦૧૪માં અદાણી ગ્રુપે ઓસ્ટ્રેલિયાના કયા રાજયમાં ૧૫.૪૬ બિલિયન ડોલરની કોલસાની ખાણ વિકસાવવા પ્રોજેક્ટ મળ્યો છે?
➜ **કવીન્સલેન્ડ**
૧૫. ૨૦૧૪માં CCIની પ્રથમ મહિલા અપર નિર્દેશક તરીકે પસંદગી કરવામાં આવી છે?
➜ **અર્ચના રામસુંદરમ્**
૧૬. ૨૦૧૪ સીનિયર નેશનલ વુમન ફુટબોલ ચેમ્પિયન ટાઇટલ કયા રાજયની ટીમે જીત્યું હતું?
➜ **મણીપુર**
૧૭. ૨૦૧૪ બજેટમાં PPF માં જતા કરવાનો સીમા એક લાખથી વધારી કેટલા લાખ કરવામાં આવી છે?
➜ **૧.૫ લાખ**
૧૮. ૨૦૧૪ બજેટમાં સરકાર દ્વારા ૧૫ નવા બ્રેલ પ્રેસ બનાવાની જાહેરાત કરવામાં આવી છે? તો બ્રૈલ પ્રેશ શું છે?
➜ **અંધ લોકો દ્વારા લખવાનો નવી પદ્ધતિ**
૧૯. ૨૦૧૪ બજેટમાં દેશભરમાં કેટલી નવી IIT અને IIM બનાવવાની જાહેરાત કરવામાં આવી છે?
➜ **૫-IIM ૫-IIT**
૨૦. ૨૦૧૪ બજેટમાં રક્ષા અને વિમા ક્ષેત્રમાં કેટલા ટકા FDI ની મંજૂરી આપવામાં આવી છે?
➜ **૨.૫ લાખ**